# -:જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ ૧૪૪ અન્વયે થયેલ હુકમ.**

**ક્રમાંક : વિ.શા/એ સેકશન/મોબાઇલ/૨૬ /૨૦૧૫**

ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તેમજ સને-૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેર ખાતે બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઇ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડથી ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દિધેલ. અમુક બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો બહારથી આવી, શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા જાહેર શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલ્કતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહિત કામગીરીમાં ગુનેગારો ગુનાહિત કૃત્ય કરવા એક બીજાના સંપર્ક માટે મોબાઇલ ફોનનો તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરતાં હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે તથા તાજેતરમાં મિલ્કત સબંધી/શરીર સબંધી શોધાયેલ ગુનાઓમાં પણ ગુનેગારોએ મોબાઇલ તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે તથા S.T.D./P.C.O. પરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના અપશબ્દ બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધતાં રહે છે. આમ આ પ્રકારની તપાસમાં વિઘ્નતાઓના કારણે મોબાઇલ ફોન, સીમકાર્ડ લે-વેચ વખતે તથા S.T.D./P.C.O. થી ફોન કરતી વખતે ખરીદનાર-વેચનારનું નામ તથા ફોન કરનારનું નામ-સરનામું તથા તેની ઓળખ અંગેની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટીએ અત્યંત આવશ્યક છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે) ગુ.રા. ગાંધીનગર નાઓના કચેરી ક્રમાંક:એન.જી.ઓ./ટેલીફોન બુથ/૧૭૦/૧૨, તા.03/04/૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨ ની) કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઇલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડીસ્ટ્રીબ્યુટર/રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસવા તથા જે પુરાવાઓની ઝેરોક્ષ રાખવી તથા તે અંગેનું નામ-સરનામાં, પુરાવાની માહિતીનું રજીસ્ટર રાખવું તથા S.T.D./P.C.O. ધારકોએ કોલરની આઇડેન્ટી ચકાસવા તેમજ કોલ ડીટેઇલના નામ-સરનામાની માહિતી અંગેના રજીસ્ટરો ત્રણ વર્ષ સુધી નિભાવવાના રહેશે.

**આ હુકમ તા.૨૪/04/૨૦૧૫ થી તા.૨૨/0૬/૨૦૧૫ સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૧૭-એપ્રિલ-૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી.ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશ્નરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર- ૧ – ૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીક શાખા, અમદાવાદ
(૧૭) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી.અમદાવાદ શહેર
(૧૮) નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)
(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) મ.પો.ક્મિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.
(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.
(૨૫) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.